# આશ્કા હોસ્પિટલમાં પથરીના ઓપરેશન દરમિયાન દર્દીનું મૃત્યુ

**દર્દીના પરિવારજનોએ હોબાળો મચાવી મૃતદેહ સ્વીકારવાની ના પાડી, પરિવારજનો દ્વારા ડોકટરની ગંભીર બેદરકારીનો આક્ષેપ, મૃતકનું પેનલ ડોકટરની ટીમ દ્વારા પીએમ, હોસ્પિટલ ખાતે પરિવારજનો-સ્વજનો મોટીસંખ્યામાં યથાવત, હોસ્પિટલમાં પોલીસ પણ ખડકાઈ,**



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરની આશ્કા હોસ્પિટલ વિવાદોના વમળમાં ફસાયેલી રહે છે. ત્યારે ગતરોજ હોસ્પિટલમાં પથરીના ઓપરેશન દરમિયાન ૩૯ વર્ષિય દર્દીનું મૃત્યુ થતા શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. શહેરની આશ્કા હોસ્પિટલ ફરીવાર વિવાદનું કેન્દ્ર સ્થાન બની છે. આ બનાવ અંગે મૃતકના સ્વજનોએ ડોકટરની ગંભીર બેદરકારીનો આક્ષેપ કરીને હોબાળો મચાવી મૃતદેહ સ્વીકારવાની ના પાડી હતી. હોસ્પિટલ ખાતે સાંજના સમયે મૃતકના સ્વજનો મોટીસંખ્યામાં એકઠા થઈ જતા પોલીસનો કાફલો પણ ખડકાઈ ગયો હતો. આજે મૃતકના સ્વજનોએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.જયારે બપોરના સમયે રાજપૂત સમાજના આગેવાનો પણ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. હોસ્પિટલ તંત્ર અને મૃતકના સ્વજનો વચ્ચે બેઠક યોજાઈ હતી, પરંતુ મોડીસાંજ સુધી કોઈ ફળદાયી પરિણામ આવ્યું ન હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આશ્કા હોસ્પિટલમાં પથરીના દર્દીનું મૃત્યુ થતા પરિવારે ડોકટરની બેદરકારીનો આક્ષેપ કરી હોબાળો મચાવતા હોસ્પિટલ ખાતે પોલીસનો કડક પહેરો ગોઠવી દેવાયો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ થી માત્ર ત્રણ માસ પહેલા જ કુડાસણ ખાતે સ્થાઈ થયેલા સુરેન્દ્રસિંહ હુકમસિંહ ચૌહાણને પથરીના ઓપરેશન માટે હોસ્પિટલમાં એડમીટ કરાયા હતા. જેમનુ ઓપરેશન કર્યા પછી ડોકટરની બેદરકારીના પગલે મૃત્યુ થવાનો પરિવારે આક્ષેપ કર્યો છે. જયારે ગત રાત્રીએ પરિવારને હોહા કરીને મૃતદેહ લેવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ ત્યારબાદ એફએસએલની ટીમ અને પેનલ ડોકટર દ્વારા પીએમ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. પરંતુ મૃતદેહ સ્વીકારવામાં આવ્યો ન હતો. પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો છે કે પથરીનું ઓપરેશન કરનાર ડો. ગૌરાંગ વાઘેલાની બેદરકારીના કારણે સુરેન્દ્રસિંહનું મૃત્યુ થયુ છે. તેઓનુ મૃત્યુ બપોરે ઓપરેશન દરમિયાન થયુ હતુ અને સાંજે ૭ વાગે હોસ્પિટલ દ્વારા મરણ જાહેર કરવામાં આવ્યા હતા. જયારે પોલીસ ફરીયાદ નોંધાશે ત્યારબાદ મૃતદેહ સ્વીકારવા આવશે નહી તેમ પરિવારજનોનું કહેવુ છે. ત્યારે એફએસએલ અને પીએમના બંન્નેના રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલના સમયે હોસ્પિટલ ખાતે કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ પહેરો ગોઠવી દેવાયો છે. ત્યારે ઉલ્લેખનીય છે કે અમદાવાદ ખાતે રહેતા સુરેન્દ્રસિંહ ત્રણ માસ પહેલા જ ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં રહેવા માટે આવ્યા છે. તેમના પરિવારમાં પત્ની અને એક દિકરો અને દિકરી છે. જયારે તેઓ અમદાવાદ ખાતે નવનીત પ્રકાશનમાં ફરજ બજાવતા હતા. ત્યારે આશ્કા હોસ્પિટલમાં પથરીના ઓપરેશન માટે એડમીટ થયેલા દર્દીનુ મૃત્યુ થતા પરિવાર પર આભ તુટી પડ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે લેન્ડ ગ્રેબીંગ એકટ અમલીકરણ સમિતિની જિલ્લાસ્તરીય બેઠક મળી હતી.
- ગરમીના પ્રકોપને લઈ જિલાની કચેરીએઆવતા મુલાકાતીઓની સંખ્યામાંઘટાડોનોંધાયોછે.
- જિલ્લા પંચાયતના એક અધિકારી ચાર ધામની યાત્રાએ જઈ રહ્યા છે હજુ ગત સપ્તાહે જ એક અધિકારી આ યાત્રા સંપન્ન કરીને આવ્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- જુસિકા દ્વારા આજે તેનો સ્થાપના દિવસ સત્યાનારાયણ ભગવાનની કથા યોજી કરશે.
- આંગણવાડી કેન્દ્રોમાંરેઈન વૉટર હાર્વેસ્ટીંગ સિસ્ટમનો ઉપયોગ કરવા સરકારે સૂચનાઓ આપી.
- ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીની માંગમાં ભારે વધારો થયો છે.
- વસાહત મહામંડળ સે. ૭ દ્વારા ધો. ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયુ હતુ. જેમાં ૪૮ બાળકોએ ભાગ લીધો હતો.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એસ.ટી. ટ્રીપોની અનિયમિતતાથી ગ્રામજનોની મુશ્કેલી વધી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




જનતાને તેમ જણઆવો કે...બહારથી આવતા મહાઠગોન મત ન આપે... અને છીએ જને...!!



રાંધેજા ખાતે ફાટક બંધ થઈ જતાં ટ્રાફિક જામ થવાની ઘટના બની હતી અને વાહન ચાલકોને મુશ્કેલીઓ પડી હતી.

## અડાલજ ખોરજ કન્ટેનર યાર્ડમાં ફોર્ચ્યુનર કારમાંથી વિદેશી દારુનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

અડાલજ ગામની સીમમાં ઉવારસદ તરફ જતા નાળીયામાં ઉભા રહેલા દુધના ટ્રકમાંથી વિદેશી કંમ્પાઉન્ડમાંથી ફોર્ચ્યુનર ગાડીમાંથી ૧૬,૧૮,૬૮૦ ની કિંમતની વિદેશી દારૂની ૪૮૮૪ બોટલ અને ફોર્ચ્યુનર ગાડી મળીને કુલ



દારુનો મોટો જથ્થો અડાલજ પોલીસે પકડી પાડ્યો છે. ત્યારે બાતમીને પગલે ખોરજ ગામની સીમમાં કન્ટેનર યાર્ડમાં શર્મા એન્જીનિયરીંગની બાજુમાં ફેમસ ઓટો ઈલેક્ટ્રીક વર્કસના રૂ.૨૬,૧૮,૬૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એન.એસ.ઝાબરે તેમજ એએસઆઈ રામેશ્વર મનુભાઈ કોન્સ્ટેબલ મનિષસિંહ, કુલદીપ સિંહ, સહિતના સ્ટાફના માણસો સાથે અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે બાતમી મળી હતી ખોરજ ગામની સીમમાં આવેલ કન્ટેનર યાર્ડ, શર્મા એન્જીનિયરીંગ બાજુમાં ફેમસ ઓટો ઈલેકટ્રીક વર્કસના કંમ્પાઉન્ડમાં આવેલી દુકાનની પાસે પાર્ક કરેલી ફોર્ચ્યુનર ગાડી નં. જી.જે.૦૮.એ.ઈ-૫૧૧૫ માંથી ગેરકાયદેસર વિદેશી દારુની નાની મોટી બોટલ નંગ- ૪૮૮૪ મળી આવી હતી. પોલીસે રૂ. ૧૬, ૧૮. ૬૮૦ નો કિંમતનો દારુ, રૂ.૧ ૦ લાખની ફોર્ચ્યુનર ગાડી મળી કુલ રૂ. ૨૬,૧૮,૬૮૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી દુકાન તેમજ ગાડીમાં દારુની પેટીઓ રાખનાર શખ્સ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા સેન્ટ્રલ ઝોન અંડર-૧૪ અને ઓપન બહેનોની સ્પર્ધાનું આયોજન ગત તા.૧૫ થી ૧૭ મે ૨૦૨૨ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં ઓપન વિભાગમાં ગાંધીનગર શહેરની ટીમમાં રમતી પી.કે.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ની બહેનોએ ગાંધીનગર શહેરની ટીમ તરફથી ભાગ લઈ ફાયનલમાં ગાંધીનગર ગ્રામ્યને હરાવી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તમામ વિજેતા ખેલાડીઓને અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

## સુંદરકાંડ સંગીતમય કથા પાઠ આજે મુ. ઈલોલ સા.કા. શ્રી હનુમાનજી મંદિર ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

શ્રી સુંદરકાંડ સંગીતમય કથા પાઠ કાન્તિભાઈ યોગી ની વ્યાસપીઠે આજ તા.૧૯-૫-૨૨, ગુરુવારના રોજ રાત્રે ૮ થી ૧૧ કલાકે, મુ. ઈલોલ, (સા.કા.), શ્રી હનુમાનજી મંદિર, પરબડી પાસે, શ્રીમાન કોકિલાબેન ડાહ્યાગીરી ગોસાઈના યજમાનપદે યોજાશે. યજમાનપદે યોજાશે.

## નાસતા-ફરતા આરોપીને એલસીબીની મહિલા ટીમે ઝડપી પાડ્યો



ગાંધીનગર, તા.૧૮

બનાસકાંઠાના જિલ્લાના ભીલડી પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીને દશેલા-સાદરા માર્ગ પર આવેલ બોરકુવા પરથી એલસીબીની મહિલા ટીમે પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર તેમજ અન્ય જિલ્લા-શહેરમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડાની સુચના અન્વયે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના એએસઆઈ જાગૃતિબા, કોન્સ્ટેબલ કુસુમબેન, મિત્તલબા, જયોતિકુમારી, અને કૈલાસબા પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન કુસુમબેન અને મિત્તલબા ને મળેલી બાતમીને પગલે બનાસકાંઠા જિલ્લાના ભીલડી પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપી બળદેવજી વેલાજી ઠાકોર (રહે. દશેલા, ગાંધીનગર, મુળ રહે.સમણવા તા.કાકરેજ, જી બનાસકાંઠા) ને બોરકુવા ઉપરથી પકડી પાડ્યો હતો. આ શખ્સને એલસીબી કચેરી લાવી ગુના અંગે પુછપરછ કરતા આજથી એકાદ વર્ષ પહેલા તેનો પિતરાઈ ભાઈ છોકરીને ભગાડી લઈને આવ્યો હતો અને તેની મદદગારી કરી હતી. જેમાં તેનુ નામ ખુલવા પામ્યું હોવાની હકીકત જણાવી હતી. જેથી પોલીસે શખ્સ સામે આગળની તપાસ હાથ ધરી છે.



વર્લ્ડ ટેલી કોમ્યુનિકેશન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત ઈન્સ્ટીટ્યૂટ ઓફ એમેચ્યોર રેડીયોની મુલાકાત લઈ માહિતી મેળવવામાં આવી હતી.

## ચંદ્રાલા ગામના સ્થાપના દિન નિમિત્તે ગામમાં વિના મૂલ્યે આયુર્વેદ - હોમિયોપેથિક કેમ્પ યોજાયો

**આયુર્વેદની ઓ.પી.ડી. - ૧૨૮, હોમિયોપેથિ ઓ.પી.ડી - ૬૩ રહી : ૭૮ ગ્રામજનોએ પ્રકૃતિ પરિક્ષણ કરાવ્યું**

ગાંધીનગર, તા. ૧૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આજરોજ ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામના સ્થાપના દિનની ઉજવણી પંચાયતમંત્રી બ્રિજેશ મેરજાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. ગામના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ગામમાં આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત દ્વારા ખાસ વિના મૂલ્યે આયુર્વેદ અને હોમિયોપેથિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પની વિગત આપતાં જિલ્લાના આયુર્વેદ અધિકારી ડૉ. ભાવના પટેલે જણાવ્યું છે કે ચંદ્રાલા



ગામના સ્થાપના દિન નિમિત્તે ગામમાં યોજાયેલ આયુર્વેદ અને હોમિયોપેથિક કેમ્પમાં ઉનાળાની અસહ્ય ગરમીને ધ્યાને રાખીને ગ્રામજનોને વરિયાળીના ખાસ આયુર્વેદ જુશનું વિતરણ વિના મૂલ્યે કરવામાં આવ્યું હતું.

આ નિમિત્તે ગામમાં આયુર્વેદ અંગેની જાગૃત્તિ આપવામાં આવી હતી. તેમજ વિના મૂલ્યે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આયુર્વેદની ઓ.પી.ડી. - ૧૨૮, હોમિયોપેથિ ઓ.પી.ડી - ૬૩ રહી હતી. તેમજ ૭૮ ગ્રામજનોએ પ્રકૃતિ પરિક્ષણ કરાવ્યું હતું. તેમજ સવારના યોજાયેલ યોગમાં ૬૮ ગ્રામજનો અને શાળાના બાળકો સહભાગી બન્યા હતા. સૌંફ - ધાન્ય પાક સેવાનો ૪૮૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## સેકટર-૧૧ છાપરા વિસ્તારમાં પૈસાની ઉઘરાણી માટે ગયેલા આધેડને માર માર્યો

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર શહેરના એસટી ડેપોની પાછળના ભાગે આવેલા છાપરા વિસ્તારમાં રહેતા મુકેશ દંતાણીના ઘરે ઉછીના આપેલા રૂપીયાની ઉઘરાણી માટે ગયેલા આધેડ પર ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે સેંધાજી ઠાકોરે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૧ પથીકાશ્રમ એસટી ડેપો પાછળ કાચા છાપરામાં રહેતા મુકેશ પ્રહલાદ દંતાણીના છાપરે સેકટર-૧૧ છાપરા ખાતે પરિવાર સાથે રહેતા અને ઈન્દ્રોડા ખાતે વનવિભાગમાં ફરજ બજાવતા સેંધાજી મથુરજી ઠાકોર પૈસાની ઉઘરાણી કરવા માટે ગયા હતા. ત્યારે પૈસાની માંગણી કરતા મુકેશભાઈ ઉશ્કેરાઈ ગયો હતો અને સેંધાજીને ગાળા ગાળી કરી રહ્યો હતો. જેથી સેંધાજી એ મને કેમ ગાળો બોલે છે તેમ કહી ઉશ્કેરાઈ જતા મુકેશ દંતાણીએ છાપરા પર પડેલ ધોકો લઈને બરડાના અને કપાળના ભાગે માર્યો હતો. જયારે મુકેશ દંતાણીના પત્ની ભાનુબેન આવી જતા સેધાજી અને તેમના પત્ની કોકીલાબેનને પણ ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે ઝપાઝપી દરમિયાન હાથની આંગળી પર કોઈ વસ્તુ વાગી જતા લોહી નીકળતુ હતું. જયારે ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જયારે હવે રૂપીયા માંગ્યા તો જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેંધાજી ઠાકોરે પોલીસ મથકે મુકેશ દંતાણી અને તેના પત્ની સામે ગુનો નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર ખાતે આયોજિત મધ્યઝોનની બહેનોની ફૂટબોલ સ્પર્ધાનો આરંભ



ગાંધીનગર, તા. ૧૮

રાજ્ય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત" અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે તા.૧૮-૫-૨૦૨૨ના રોજ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેકટર-૮, ગાંધીનગર ખાતે મધ્ય ઝોનની બહેનોની ફૂટબૉલ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ૯ જિલ્લાની બહેનોની ટીમો સહભાગી બની છે. આ સ્પર્ધાને ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા રમત ગમત અધિકારી મહેશ ચૌધરી, વ્યાયામ મંડળના પ્રમુખ આર.કે. ચૌધરી, પી. વાય. ડી. ઓ. સર્વે જયાબેન ખાંટ, જતીન ભાવસાર, નોડલ ઓફિસર તેમજ વ્યાયામ શિક્ષકો, એસોસિયેશનના હાદેદારો તેમજ વાલીઓ, ખેલાડી ઓની ઉપસ્થિતિ રહ્યા હતા.



ગાંધીનગરમાં અન્ડરગ્રાઉન્ડ ગટરલાઈન છે. તેના કારણે અહીં ગંદકી ખુબ ઓછી છે પરંતુ ગટર પર લગાવવામાં આવેલા ઢાંકણા સમસ્યારૂપ બન્યા છે. આરટીઓ પાસે ગટરનું ઢાંકણુ તુટી જતાં વાહનચાલકોને ખુબ જ હાલાકી પડી રહી છે.